## જન્મદિને વધામણી



પી જી દવે
મો. ૯૮૯૮૦ ૬૭૦૨૭



ભરતકુમાર એન લેઉવા
મો. ૯૪૨૬૫ ૮૨૬૪૪



મુકેશકુમાર પરમાર
મો. ૯૯૭૯૦ ૩૦૧૧૩



પ્રિતી ઘનશ્યામકુમાર વાઘેલા
મો. ૯૪૨૭૩ ૮૪૦૯૮



ધરા એચ રતનાકર
મો. ૮૦૫૧ ૯૧૬૬૧



પાર્થ પરમાર
મો. ૯૯૨૪૦ ૬૨૫૭૭

# આનંદનગર, સેક્ટર-૨૭માં 'બેડા ગરબા સ્પર્ધા' યોજાઈ



ગાંધીનગર, તા. ૧૦

આનંદનગર સોસાયટી, સેક્ટર-૨૭ ખાતે છેલ્લાં ૩૪ વર્ષથી ચાલી આવતી પરંપરા અનુસાર બેડા ગરબા સ્પર્ધા યોજવામાં આવી હતી. શ્રવણ પટેલે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે આ અનોખી સ્પર્ધામાં વિવિધ વયનાં ૭૦ જેટલાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. નિર્ણાયકોના નિર્ણય બાદ વિજેતાઓને ઈનામો અને ભાગ લેનારાં સ્પર્ધકોને આશ્વાસન ઈનામો આપવામાં આવ્યાં હતાં. આનંદનગરમાં આ સ્પર્ધા પ્રતિવર્ષ આઠમના દિવસે યોજવામાં આવે છે, જેને નિહાળવા માટે વસાહતીઓ ઉપરાંત શહેરીજનો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે. આ વખતે પણ આ સ્પર્ધા નિહાળવા મોટી સંખ્યામાં વસાહતીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આનંદનગર વસાહત મંડળના પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદી અને મહિલા પ્રમુખ સરિતાબેન પટેલે સૌને આવકાર્યા હતા અને સ્પર્ધકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. નવરાત્રી યુવા સમિતિ દ્વારા આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે વસાહત મંડળ દ્વારા પ્રતિવર્ષ તેજસ્વી તારલાઓનું સન્માન કરવા અર્થે પણ કાર્યક્રમ યોજવામાં આવે છે.



ગાંધીનગર, તા. ૧૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન કૉલેજીસમાં અભ્યાસ કરતા સર્વ નેતૃત્વના વિદ્યાર્થીઓ દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિદ્યાર્થીઓ દ્વારા કૉલેજમાં ફરજરત સફાઈ કામદારોનું સન્માન એમને સ્મૃતિચિહ્ન આપીને કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ આ માટે એક કાર્યક્રમનું આયોજન પણ કર્યું હતું, જેમાં સ્વચ્છતા અંગેનો સંદેશ પ્રસારિત કરવામાં આવ્યો હતો અને સ્વચ્છતા જાળવવાના શપથ પણ ગ્રહણ કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન સર્વ નેતૃત્વ જૂથના વિદ્યાર્થી મનન પટેલ, કિશન મોદી, રાહુલ સુખડીયા, તન્મય પટેલ, રજત દિવાન, ધવલ પટેલ, નમ્રતા ડોબરિયા, હર્ષ વોરા અને કૉલેજીસના અધ્યાપકગણ દ્વારા કરવામાં આવ્યું હતું.



ગાંધીનગર લાયોનેસ કલબ દ્વારા 'લાયન ડે' નિમિત્તે છત્રીના વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વરસાદ અને તડકામાં રક્ષણ મળે તે હેતુથી જરૂરિયાતમંદોને કલબ દ્વારા ૧૬થી વધુ છત્રીઓનું વિતરણ કરાયું હતું. જેમાં સેકટર-૨૧ તથા સેકટર-૨૪ના શાક માર્કેટના આજુબાજુના વિસતારના ફેરીયાઓને અને શાક વેચનારાઓને, મોચી તેમજ રોડ ઉપર રોજગારી મેળવવાના આશયથી કામ કરતા હોય તેવા જરૂરિયાતમંદોને છત્રી આપવામાં આવી હતી. આ સેવા કાર્યમાં કલબના પ્રમુખ દેવલબેન જોશી, સેક્રેટરી મીત્તલ રાણા અને કલબની બહેનો હાજર રહ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

દુખમાં પોતાની એક આંગળી આંસુ લુછે છે અને સુખમાં દસેદસ આંગળીઓ તાળી વગાડે છે... જ્યારે પોતાનું શરીર જ આવું કરે છે.... તો દુનિયાથી અપેક્ષાઓ કેમ?

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
એમ એસ ધોની
૩.૩૦, ૯.૩૦
મિર્ઝ્યા
૧૨.૪૫, ૭.૦૦

**સ્ક્રીન-૩**
મિર્ઝ્યા
૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
ડેઝ ઑફ તફરી
૧૨.૪૫
પિન્ક
૭.૦૦

**સ્ક્રીન-૫**
મિર્ઝ્યા
સવારે ૧૦.૦૦
તુતક તુતક તુતિયા
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૯.૪૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# ચિલોડા હાઈસ્કૂલમાં ખેલૈયાઓ ડીજેના તાલે ગરબો ઘૂમ્યા



ચિલોડા હાઈસ્કુલના પટાંગણમાં ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. નવરાત્રીના આનંદને માણી લેવા માટે ખેલૈયાઓએ જાણે હોડ માંડી હતી. ગરબે રમતાં ખેલૈયાઓમાં એવો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓ રંગબેરંગી ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને ડીજેના તાલે મન મુકીને ગરબે ઘુમ્યા હતા.



નવરાત્રી પર્વ નિમિત્તે નવી દિલ્હી ખાતે આયોજિત ખ્યાત 'રામલીલા'માં વિભાબેન ઠક્કરે શબરીની ભૂમિકા ભજવી હતી અને પ્રશસ્તિ પ્રાપ્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે વિભાબેન ઠક્કર ગાંધીનગરનાં રહેવાસી છે ને હાલ દિલ્હી ખાતે નિવાસ કરી રહ્યાં છે. ગાંધીનગર ખાતે રહીને પણ તેમણે નાટકો અને દૂરદર્શન નાટકોમાં પોતાનો અભિનય આપ્યો છે, દિલ્હી ખાતે પણ તેમણે પોતાનો આ શોખ જાળવી રાખ્યો છે.

# વિશ્વ પ્રસિદ્ધ 'નૉબેલ ઍવોર્ડ'ની નોખી - અનોખી વાત

**આત્મનાદ**
પુલક ત્રિવેદી

ગત સપ્તાહમાં ફ્રાંસ, બ્રિટન અને નેધરલેન્ડના ત્રણ વૈજ્ઞાનિકોના નામો અને કોલંબિયાના પ્રમુખ વાન મેન્યુએલ જુઆન માધ્યમોની ચર્ચામાં રહ્યાં. ફ્રાન્સના વૈજ્ઞાનિક જિન પિયરી સોવાજ, બ્રિટનના સર ફ્રેસર સ્ટોડાર્ટ અને નેધલેન્ડના બર્નાન્ડ ફેરિંગા રસાયણશાસ્ત્ર ક્ષેત્રના ત્રણ મોટા નામ. આ વર્ષે કેમિસ્ટ્રીમાં સંશોધન બદલ આ ત્રણ વૈજ્ઞાનિકોને 'નોબેલ પ્રાઈઝ' આપવાનું નક્કી થયું છે. 'રોયલ સ્વિડીશ એકેડેમી ઓફ સાયંસે' આ ત્રણ વૈજ્ઞાનિકોને માઈક્રો મશીનની શોધ માટે 'નોબેલ' આપવાનું નક્કી કર્યું છે. વાળથી પણ હજાર ગણું નાનું મશીન શોધનારા આ ત્રણ 'દાદુ' વૈજ્ઞાનિકોની શોધ કેન્સર જેવી અસાધ્ય બિમારીના ઉપચારમાં સિંહફાળો આપી શકશે. વાન મેન્યુએલને ગૃહયુધ્ધ કાબુમાં લેવા માટે તેમણે કરેલા અદભૂત પ્રયાસોને કારણે શાંતિનુ 'નોબેલ પ્રાઈઝ' આપવામાં આવશે.

સ્વીડનના સ્ટોકહોમમાં એક ઈજનેરના પરિવારમાં ઓકટોબર-૨૧, ૧૮૩૩માં એક બાળકનો જન્મ થયો. બાળક મેધાવી અને તેજસ્વી. આ બાળક યુવાન થતાં થતાં કેમિસ્ટ, ઈજનેર અને સંશોધક તરીકે ઓળખાવા લાગ્યો. એણે ૩૫૫ જેટલા વૈજ્ઞાનિક સંશોધનો કર્યા. જેમાં સૌથી વધુ પ્રચલિત એવી શોધ 'ડાયનેમાઈટ'ની છે. આ સંશોધક યુવાનનું નામ 'અલ્ફ્રેડ નોબેલ'. અલ્ફ્રેડે મિલીટરીમાં વપરાતા વિસ્ફોટકો બનાવવાની ફેકટરી બનાવી. એકવાર 'કોડોઈટ' નામના એક્સપ્લોઝીવને વધારે પડતું ઉપયોગમાં લેવાથી ખૂબ ધુમાડો થવાને કારણે એક તબક્કે અલ્ફ્રેડ ઉપર કેસ પણ થયો હતો.

ખેર, 'નોબેલ પ્રાઈઝ'નું નામ અલ્ફ્રેડ નોબેલની અટક 'નોબેલ' ઉપરથી પડ્યું. અલફ્રેડના મૃત્યુના આઠેક વર્ષ પહેલાં એક ફ્રેન્ચ અખબારમાં અલફ્રેડના મૃત્યુના સમાચાર પ્રસિદ્ધ થયા. અલફ્રેડ તો જીવતા હતા. પોતાના મૃત્યુના સમાચાર વાંચીને અલફ્રેડ ચોંકી ગયા. ખરેખર તો અલફ્રેડના ભાઈનું મૃત્યુ થયું હતું અને અખબારે અલફ્રેડનું મૃત્યુ થયું હોવાના અહેવાલ આપ્યા. આ ઘટના અલફ્રેડના જીવનમાં 'ટર્નીંગ પોઈન્ટ' સમાન હતી. અલફ્રેડ વિચાર્યું કે, માનવજાતને ઉપકારક એવા સંશોધનો અને સંશોધકોને વિશ્વ કેવી રીતે યાદ રાખશે? એણે દ્રઢ નિશ્ચય કર્યો કે, ઈતિહાસની એક મજબૂત અને વિશ્વસનીય કેડી કંડારવી જોઈએ. અલફ્રેડ વિલ બનાવ્યું અને એમાં પાંચ વિષય ઉપરના માનવજાતના કલ્યાણ માટેના સંશોધનો અને સંશોધકોને બિરદાવવાનું એલાન કર્યું. જેમાં ફિઝીક્સ, મેડિસીન, લીટરેચર, કેમેસ્ટ્રી, ફિઝીયોલોજી અને પીસ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આ માટે એણે તેની સંપત્તિના ૯૪% હિસ્સો ફાળવ્યો અને ૧૮૯૬માં આલ્ફ્રેડનો દેહાંત થયો. અને ૧૮૯૭થી 'નોબેલ' નામથી સમસ્ત વિશ્વમાં મુઠ્ઠી ઊંચેરા માનવીને પોંખવાનો આરંભ થયો. પાંચ સભ્યોની સમિતિ 'નોબેલ પ્રાઈઝ'ની 'પ્રાઈઝ મની' એટલે કે કેટલી રોકડ રકમ 'નોબલ પ્રાઈઝ' વિજેતાને આપવી એ નક્કી કરે છે. જોકે, આ સમિતિ કોને પ્રાઈઝ આપવું એનો નિર્ણય નથી લેતી.





નોબલપ્રાઈઝ ઈન ઈકોનોમિક્સ આપવાની શરૂઆત ૧૯૬૮થી થઈ. નોબેલ ફાઉન્ડેશનને સ્વેરીજેસ રેક્સબેન્કે ૩૦૦મી જન્મજયંતીની ઉજવણી વેળા માતબર રકમ આપી. અને ૧૯૬૮થી જ 'નોબેલ મેમોરીયલ પ્રાઈઝ ઈન ઈકોનોમિક્સ સાયંસ' આપવાની શરૂઆત કરવામાં આવી. અને એના વિજેતાની પસંદગી તો 'રોયલ સ્વીડીશ એકેડેમી' જ કરશે એમ નક્કી થયું. ૧૯૬૮માં લેવાયેલા આ નિર્ણય બાદ હવે કોઈ પણ ક્ષેત્રનો ઉમેરો ન કરવાનો બોર્ડ ઑફ નોબેલ ફાઉન્ડેશને નિર્ણય લઈ લીધો. 'નોબેલ પ્રાઈઝ' આપવા માટે વ્યક્તિનું નામ 'રોયલ સ્વીડીશ એકેડેમી ઓફ સાયંસીઝ' દ્વારા પસંદ કરવામાં આવે છે. 'રોયલ સ્વીડીશ એકેડેમી'ની પસંદગી પ્રક્રિયા પણ જોરદાર છે. સમસ્ત વિશ્વના વિવિધ ૩૦૦૦ જેટલાં તજજ્ઞો અને લબ્ધપ્રતિષ્ઠિત સંસ્થાઓને એકેડેમી ફોર્મ આપી વિગતો મગાવે છે. જેમાંથી ૧૦% એટલે કે, ૩૦૦ વ્યક્તિઓને પસંદ કરી એકેડેમી રૂબરૂ ચર્ચા 'ઈન્ટરવ્યૂ' માટે બોલાવે છે. ઈન્ટરવ્યૂ બાદ એકેડેમીના બોર્ડની બેઠકમાં પ્રત્યેક શોધકર્તા ઉપર વિસ્તૃત ચર્ચા-વિચારણા બાદ લોકશાહી પદ્ધતિ મુજબ બૉર્ડના સભ્યોના મતદાન પછી એવોર્ડ માટે વ્યક્તિનું નામ ફાઈનલ થાય છે.

પસંદગીની આ આખી પ્રક્રિયા અત્યંત 'સીક્રેટ' હોય છે. માત્ર ફાઈનલ વિજેતાનું નામ જ જાહેર થાય છે. અલ્ફ્રેડે એના વિલમાં લખ્યું છે કે, શોધકર્તાના ગત વર્ષમાં કરેલા સંશોધનકાર્યને ધ્યાનમાં લઈને ચાલુ વર્ષે વિજેતાનુ નામ ઘોષિત કરવાનું રહે. પરંતુ એકેડેમીએ શોધકાર્યનો જાહેર સ્વીકાર થયો હોય તેના પછીના વર્ષે વ્યક્તિને એવોર્ડ આપવાનું નક્કી કર્યું. જેમ કે, 'સ્ટેલર સ્ટ્રકટર એન્ડ ઈવેલ્યુશન' માટે ૧૯૩૦માં 'નોબેલ' એકેડેમીએ નોમીનેટ કર્યા પણ છેક ૧૯૮૩માં એમને 'નોબેલ' એનાયત કરવામાં આવ્યો. ૧૮ કેરેટ ગ્રીન ગોલ્ડ મેટલ ઉપર ૨૪ કેરેટ ગોલ્ડ પ્લેટેડ ૧૭૫ ગ્રામ વજન ધરાવતો ૨.૫ ઈંચ ડાયામીટરનો પ્રતિષ્ઠિત 'નોબેલ એવોર્ડ' પ્રતિવર્ષ ૧૦મી ડિસેમ્બરે આલ્ફ્રેડ નોબેલના નિર્વાણ દિવસે આપવામાં આવે છે. સ્વીડનના સ્ટોકહોમ કોન્સર્ટ હોલમાં ગરીમાપૂર્ણ સમારોહમાં 'નોબેલ' એનાયત કરવામાં આવે છે. 'નોબેલ' એનાયત સેરેમની પછી સ્ટોક્હોમ સિટી હોલમાં એવોર્ડ પ્રાપ્ત કરનારના પરિવાર સાથે મહાનુભાવો બેન્કવેટ હોલમાં ભોજન લે છે. આ ભોજન સમારંભને 'નોબેલ બેન્કવેટ' તરીકે ઓળખવામાં આવે છે. એવોર્ડ વિતરણના આગલા દિવસે એટલે કે ૯મી ડિસેમ્બરના રોજ 'નોબેલ' પ્રાઈઝ' વિજેતાનું તેમના શોધ કાર્ય વિશે ચાવીરૂપ ઉદબોધન હોય છે. માત્ર 'નોબલ પ્રાઈઝ ઈન પીસ'નું ચાવીરૂપ ઉદબોધન ૧૦મી ડિસેમ્બરના રોજ ઓસ્લો સિટી હોલ નોર્વેમાં યોજાય છે.

પ્રતિવર્ષ કિંગ ઓફ નોર્વે અને કિંગ ઓફ સ્વીડન નોબેલ એવોર્ડ વિતરણ કાર્યક્રમના 'ચીફ ગેસ્ટ' હોય છે અને તેમના હસ્તે જ એવોર્ડ એનાયત કરવામાં આવે છે. આ ઉપરાંત નોર્વેમાં અને સ્વીડનમાં પ્રધાનમંત્રી, પ્રેસીડેન્ટ, કિંગ, ક્વીન ઉપરાંત દેશ વિદેશના ચિંતકો, જ્ઞાની, મહાપુરુષો અને વિશ્વ સમસ્તના ગણમાન્ય મહાનુંભાવો એવોર્ડ વિતરણ સેરેમનીમાં હાજર હોય છે. અત્યાર સુધી ભારતનાં પાંચ નાગરિકોને નોબેલ પ્રાઈઝ મળી ચૂક્યા છે. સૌ પ્રથમ રવિન્દ્રનાથ ટાગોરને ૧૯૧૩માં નોબેલ પારિતોષિક પ્રાપ્ત થયું. ત્યાર બાદ, ૧૯૩૦મા સી. વી રામન, ૧૯૭૯મા મધર ટેરેસા, ૧૯૯૮માં અમર્ત્યસેન અને બે અઢી વર્ષપહેલા ૨૦૧૪માં કૈલાશ સત્યાર્થને નોબેલ પારિતોષિકથી નવાજાયા છે.

જીવનની એક એક ક્ષણને જે લોકોએ માનવજાતના કલ્યાણ માટે ખર્ચી છે અને એનો ભરપૂર આનંદ માણ્યો છે ને એમને વિશ્વ સમસ્તે ખરા હદયથી આવકારી મનથી પોંખ્યા છે. નોબેલ પારિતોષિક વિજેતાઓનાં જીવન અને કાર્યો એનાં જાગતાં ઉદાહરણો છે.

**ધબકાર**

માનવજાતના કલ્યાણ માટે કશુંક કરી છુટવાની તમન્નાવાળા વ્યક્તિ માટે કશુ જ અસંભવ નથી.
(અબ્રાહમ લિંકન)





ફ્રેન્ડશીપ અને ફેલોશીપના માધ્યમથી સેવાકીય કાર્યો દ્વારા વિશ્વ બંધુત્વની ભાવના સાથે વિશ્વને વધારે સુંદર બનાવતી આંતરરાષ્ટ્રિય સંસ્થા રોટરી ઈન્ટરનેશનલનું એક અંગ એવી રોટરી ક્લબ ઓફ દહેગામના ૩૪માં ચાર્ટર-ડે (બર્થ-ડે)ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે દિપ પ્રગટાવી ચોકલેટ વિતરણ કરાઈ હતી. તેમજ ભૂતપૂર્વ પ્રમુખોએ પોતાના રોટરી સંસ્મરણો વાગોળ્યા હતા અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે પ્રોજેક્ટ ચેરમેન પરેશ પટેલ, ક્લબ પ્રેસિડેન્ટ જગદીશ પટેલ, ક્લબ ટ્રેનર મહેશ પટેલ, સેક્રેટરી પલક શાહ સહિત મોટી સંખ્યામાં રોટેરિયન સભ્યો હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન નોમિની અને નરેશ પટેલે કર્યુ હતુ.

# ડભોડા ખાતે સ્વચ્છતા સમરસતા અભિયાનની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૯

ડભોડા ખાતે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અંતર્ગત તપોવન વિસ્તરણ સેવા ડભોડા આંગણવાડી-૭ કેન્દ્રમાં સ્વચ્છતા-સમરસતા અભિયાનના ભાગરૂપે સગર્ભા તથા ધાત્રી માતાઓને શરીર, ઘર તથા રસોઈની સ્વચ્છતા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિસ્તરણ સેવાના પ્રકલ્પ સંયોજક સંગીતાબેન પંચાલ, મનુબહેન આંગણવાડી કાર્યકરો તથા બાળકો હાજર રહ્યા હતા.